જાન્યુઆરી ૨૦૧૮

કિંમત ₹ ૨૦/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## ઈનર બ્યૂટી... આઉટર બ્યૂટી...



Welcome 2018

Happy New Year

## સંપાદકીય

બાળમિત્રો,

તમે બધા દિવસમાં કેટલી વાર અરીસામાં જોતા હશો ? અને કેટલો ટાઈમ એની સામે અલગ અલગ પોઝમાં ઊભા રહીને પોતાને જોતા હશો ? સાચુ કહેજો હોં. લગભગ બધા જ. એમાંયે છોકરીઓ તો ખાસ. સારા દેખાવું કોને ન ગમે ?

પણ શું ક્યારેય વિચાર્યું છે કે ખરા અર્થમાં સારા દેખાવું એટલે શું ? ખરી સુંદરતા કોને કહેવાય ? નહીં ને ?

તો આવો, આજે આ અંક દ્વારા તમને એક નવી દ્રષ્ટિ આપીએ. ખરી સુંદરતા...અંદરની અને બહારની. આ વિષે જાણીએ અને આપણે પણ આપણા જીવનમાં એક સાચો નિર્ણય કરીએ.

-ડિમ્પલ મહેતા



# ઈનર બ્યૂટી...

# આઉટર બ્યૂટી...

અક્રમ એક્સપ્રેસ




**Printer & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૦, અંક : ૫
સળંગ અંક : ૧૧૩
**જાન્યુઆરી ૨૦૧૮**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

**પ્રશ્નકર્તા** : ઈનર બ્યૂટી માટે પૂછવું હતું.

**દીપકભાઈ** : મુખડું એટલે આઉટર બ્યૂટી કહેવાય, અને સ્વભાવ એટલે ઈનર બ્યૂટી કહેવાય. સ્વભાવ ખરાબ હોય અને ગમે તેવા રૂપાળા હોય તો સારા ન કહેવાયને? અને બહાર જરા રૂપાળા ના દેખાતા હોય પણ સ્વભાવ સારો હોય તો બધાના પ્રેમ પાત્ર થાય. બધા કહેશે, આ બહેન બહુ સારી, કોઈને દુઃખ નથી આપતી. બહુ હાર્ટિલી છે. ખૂબ સેવાભાવી છે. હવે રૂપાળી એવી નથી પણ ચાલે કે ના ચાલે ?



# જ્ઞાનીઓ કહે છે...

એટલે બહારનું રૂપ એટલે આ બધા મેક-અપ કરીને સારા દેખાવું તે. હવે આપણે સારા શબ્દોમાં કહેવું હોય તો આ કાળમાં એવા રૂપ હોતા જ નથી. આ તો મોઢા પર ક્રીમ ને બધું ચોપડે એટલે રૂપ દેખાય.

હવે ઈનર બ્યૂટી ક્યાંથી લાવે ? એ આ સત્સંગથી, સમજણથી, સારા સંગમાં આવવાથી આંતરિક રૂપ ખીલે. આનાથી આગળ, જેમ જેમ અહંકાર ઓગળે, એમ એમ વ્યક્તિનું રૂપ અલૌકિક હોય. અહંકાર રૂપને ખાઈ જાય છે, લોકોના પ્રેમને ખાઈ જાય, લોકોને દુઃખ આપી દે. ભગવાન સંપૂર્ણ અહંકાર વગરના હોય. માટે એમનું રૂપ દેવો કરતાંય ઊંચામાં ઊંચું હોય. આ ચામડીનું રૂપ તો એક દિવસ ક્યાંય કથળી જશે. પણ જો અહંકાર ઓગળ્યો, તો એ રૂપ અલૌકિક ને કાયમ રહે પછી.



દાદાને જુઓને...હજારો વર્ષો સુધી લોકો એમને યાદ કર્યા જ કરશે કે દાદાનું જ્ઞાન કેવું ? દાદાની વાત કેવી ? કરુણા કેવી ? પ્રેમ કેવો ? વીતરાગતા કેવી ? જે લઘુત્તમ થાય એનું રૂપ અલૌકિક હોય.

અહંકારમાં હું રૂપાળી છું, હું સારી છું, હું દેખાવડી છું...એવું કર્યા કરે પણ એ અહંકાર જ માર મારે. દમ કાઢી નાખે આપણો.

એ અહંકાર ક્યારે ઓછો થાય ? કોઈને દુઃખ આપતાં બંધ થઈએ ત્યારે અને બુદ્ધિ ક્યારે ઓછી થાય ? બીજાના દોષ કાઢતાં બંધ થઈએ ત્યારે. આમ અહંકાર અને બુદ્ધિ ઓછા થાય તો આંતરિક રૂપ, આંતરિક સ્વભાવ એટલો સુંદર થાય કે પછી લોકોને એની હાજરી ગમે, એની વાતો ગમે, એની સાથે રહેવું ગમે.

તમે ક્યું પસંદ કરો છો એ નક્કી કરી નાખજો.

# સાચી સુંદરતા

અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોઈને રૂપા મલકાઈ અને ધીમા અવાજે બોલી, "આજે તો બરાબર ટીપટોપ થવું જ પડે ને. જેવી તેવી દેખાઉં તો કોણ મારા માટે વોટ કરે." આમ પણ રૂપાને બની ઠનીને રહેવું ગમે. અને તે દિવસે તો એની ગર્લ્સ કોલેજમાં ઈલેક્શન હતું. 'મોસ્ટ ફેવરિટ્ ગર્લ ઓફ ધ કોલેજ' ટાઈટલ માટે બધા વોટ કરવાના હતા. જેને સૌથી વધુ વોટ્સ મળે, તે 'ફેસ ઓફ ધ કોલેજ' અને જી.એસ. (જનરલ સેક્રેટરી) પણ બને.

ત્યાં તો મમ્મીનો અવાજ સંભળાયો, "ઓ રૂપા. ચાલને હવે, કેટલી વાર ? બેટા, આ નાસ્તો કરી લે ને. કોલેજ જવાનું મોડું થઈ જશે. હે ભગવાન, આ છોકરી તો ગજબ છે. આટલી રૂપાળી હોવા છતાં તૈયાર થવામાં કલાકો કાઢે છે... આજે તો હદ કરી નાખી...રૂપા..."

એમાં એક બીજો સૂર ઉમેરાયો, "રૂપા..."

પોતાની ફ્રેન્ડ સોનાનો અવાજ સાંભળી રૂપા ફટાફટ રૂમમાંથી બહાર આવી.

"સોના, આવી ગઈ તું ? લુક એટ યુ... રોજની જેમ માજી ટાઈપ્સ જ ? અરે, આજે તો મેકઅપ કે ડિઝાઈનર ડ્રેસ, કાંઈક તો..."

રૂપાનું વાક્ય પતે એ પહેલાં જ, સોનાએ ચશ્મા ઊંચા ચઢાવીને કહ્યું, "બટ, લુક એટ યુ, યુ લુક ગ્રેટ."

"એઝ ઓલ્વેઝ, રાઈટ ?" રૂપાએ ખભા ઊંચા કરીને કહ્યું. એણે ફટાફટ જ્યુસનો ગ્લાસ ગટગટાવ્યો. સેન્ડવીચનો ટુકડો એક હાથમાં લઈ, સોનાની ચોટલી ખેંચી, "ચાલ, ચાલ, અરે યા...ર. તારી આ ચપ્પટ ચોટલી અને આ ચીપ ચીપ."



બંને કોલેજ ઓડિટોરિયમમાં પહોંચ્યા ત્યારે બધા પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા હતા. પ્રોફેસર મિ. ત્રિવેદી પોડીયમમાં હતા. છોકરીઓ અંદર અંદર ગુસપુસ કરી રહી હતી.

"ગુડમોર્નિંગ બ્યુટીફૂલ ગર્લ્સ" મિ. ત્રિવેદી મોટા અવાજે બોલ્યા. ક્લાસ એકદમ શાંત થઈ ગયો.

"તો આજના નિયમો બધાને ખ્યાલ જ હશે. સહુએ પોતાના સિવાય એક ફેવરીટ્ સ્ટુડન્ટને વોટ કરવાનો છે. અને હા, વોટીંગ સ્ટાર્ટ કરીએ એ પહેલાં કોઈને મંચ પર આવીને વાત કરવી હોય તો કરી શકે છે."

જીજ્ઞા પહેલાં આવી. એની વાતમાં એના બોલ્ડ નેચરની છાંટ હતી, "વી વીલ સેટ એન એક્ઝામ્પલ ઓફ વુમન પાવર. કોઈની દાદાગીરી ચાલવા નહીં દઉં, ધેટ્સ અ પ્રોમિસ." અને કોલર ઊંચા કરીને એ ચાલી ગઈ.

પ્રિન્સીપાલની દીકરી કવિતાએ કહ્યું, "સ્પોર્ટ્સ ક્લબ, ફન ટ્રિપ્સ અને પાર્ટીઝ ઓર્ગીનાઈઝ કરીશ. બધા તહેવારો અને ઓકેઝન્સ ભવ્ય રીતે ઉજવાય એવા આયોજનો કરીશ."

રૂપા પોતાની આગવી છટાથી બોલી,

"આઈ વીલ મેક શ્યોર કે આપણી કૉલેજનો બહાર વટ પડે. શાનદાર શોઝ કરીને બીજી કૉલેજોને બતાવી દઈશું કે આપણે જ બેસ્ટ છીએ."



એમ એક એક કરીને અમુક છોકરીઓએ મંચ પર આવીને વાત કરી. ત્યાર બાદ વોટીંગ શરૂ થયું. વોટીંગનું રીઝલ્ટ મિ. ત્રિવેદી પાસે ટૂંક જ સમયમાં આવી ગયું. પણ એ ડીક્લેર બીજા દિવસે થવાનું હતું.



બીજા દિવસે રીઝલ્ટ જાણવા માટે બેચેન છોકરીઓ સમય કરતાં પહેલાં જ ઓડીટોરીયમમાં ગોઠવાઈ ગઈ હતી. મિ. ત્રિવેદીએ મંચ પર આવીને બધાને પ્રેમથી સંબોધન કર્યું. "વેલકમ માય ફેવરીટ ગર્લ્સ. બધા રીઝલ્ટ સાંભળવા તૈયાર છો?"

અમુકના ચહેરા પર બેચેની, તો અમુકના ચહેરા પર ઉત્સાહ જણાતો હતો. જેને જીતવાની ઈચ્છા જ નહોતી તે પ્રસન્નતાથી ઈવેન્ટ માણી રહ્યા હતા.



"પ્લીઝ વેલકમ સોના ઉપાધ્યાય, મોસ્ટ ફેવરીટ ગર્લ ઓફ ધ કોલેજ." મિ. ત્રિવેદીએ અનાઉન્સ કર્યું.



"વ્હોટ!" રૂપાની આંખો ઝીણી થઈ ગઈ. પણ આજુબાજુની છોકરીઓનો ઉત્સાહ જોઈને, મોઢા પર બનાવટી સ્માઈલ રાખીને એણે પણ તાળીઓથી સોનાને વધાવી.

મિ. ત્રિવેદીએ સોનાને મંચ પર બેસાડી. કાગળની એક થપ્પી હાથમાં લઈ બોલ્યા, "તમારા વોટ્સ પર, તમે સોના માટે તમારી લાગણીઓ પણ દર્શાવી છે. એ હું થોડી વાંચી સંભળાવીશ."

"સોનાનો હેલ્પીંગ નેચર મને ખૂબ ટચ કરી ગયો. મારા પ્રોજેક્ટમાં એણે રાતો જાગીને મને હેલ્પ કરી હતી."

"શી ઈઝ એ ટુ ફ્રેન્ડ. મારા પર્સનલ પ્રોબ્લેમમાં એણે મને સાચું માર્ગદર્શન આપ્યું હતું."

"શી હેઝ ધ મોસ્ટ બ્યુટીફૂલ હાર્ટ. બીજી બ્યુટી ક્વીન્સની જેમ અમને એટિટ્યૂડ બતાવી ઉતારી નથી પાડતી."

"અને હવે મારે પણ સોના માટે કંઈક કહેવું છે." ચશ્મા કાઢી મિ. ત્રિવેદી બોલ્યા, "પોતાના નમ્ર વ્યવહારથી સોનાએ પહેલા દિવસે જ મારું દિલ જીતી લીધું હતું. અને આજે મને ખૂબ ખુશી છે કે એણે તમારા સહુનું દિલ પણ જીતી લીધું છે. આપણી



કોલેજને આવા જ એક પ્રતિનિધિની જરૂર હતી કે જે અંદરના ખરા સૌંદર્યની માલિક હોય, જે ઉત્તમ ઉદાહરણ બેસાડી કૉલેજની બીજી છોકરીઓને પણ પ્રેરે. સાચા સૌંદર્યની સુગંધ હોય, બાકી બહારનો દેખાવ તો કાગળના ફૂલ જેવો હોય.''

''એન્ડ નાઉ ઈસ ધ ટાઈમ ફોર એ સરપ્રાઈઝ.'' વાતાવરણને થોડું હળવું બનાવતા મિસ.ત્રિવેદી બોલ્યા.

આગલા દિવસે સોનાના પેરેન્ટ્સ પાસેથી મિ. ત્રિવેદીએ સોનાના નાનપણના ફોટોગ્રાફ્સ લઈને, એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન બનાવ્યું હતું. પ્રેઝન્ટેશન શરૂ થયું અને બધા એકીટસે પ્રોજેક્ટ સ્ક્રીન સામે જોવા લાગ્યા.

''ઓહ, સો ક્યુટ,'' ''સો લવલી'' ના અવાજો સંભળાતા હતા.

પ્રેઝન્ટેશનના છેલ્લા ફોટામાં સોનાના માથે એક તાજ હતો અને હાથમાં ''બ્યુટી ક્વીન્ ઓફ શિમલા હાઈસ્કૂલ'' નો ખિતાબ હતો. આ જોઈને બધાની આંખો પહોળી થઈ ગઈ.

''આટલી સિમ્પલ સોના, એક વખતની બ્યુટી ક્વીન હતી ?'' રૂપાના આશ્ચર્યનો પાર ના રહ્યો અને એણે મોટા અવાજે સોનાને પૂછ્યું, ''રીઅલી સોના, તું આવી દેખાતી હતી ? તો તું આટલી બધી ચેન્જ કેવી રીતે થઈ ગઈ ?''


સોનાએ નટખટ આંખોથી રૂપા સામે જોયું અને કહ્યું, ''એની પાછળ એક સ્ટોરી છે. તે દિવસે બ્યુટી ક્વીનનો ખિતાબ લઈને હું મારી ફ્રેન્ડ્સ સાથે કારમાં ઘરે આવી રહી હતી. અમે ચારેય ફ્રેન્ડસ કારમાં ખૂબ મસ્તી કરી રહ્યા હતા. જેમ ગઈકાલે સવારે તું મને ચીઢવી રહી હતી, તે જ રીતે હું મારી ફ્રેન્ડ પ્રીતિને એની સાદાઈ માટે ''ચીપ-ચીપ'' કહીને ચીઢવી રહી હતી.''

અને અચાનક સોનાનો અવાજ ગંભીર બની ગયો, ''અમારી કારનો એક્સીડન્ટ થઈ ગયો. ડ્રાઈવર અંકલ થોડીક્ષણો માટે બેભાન બની ગયા. પ્રીતિ સિવાય અમે બધી જ ફ્રેન્ડસ બેબાકળી થઈ ગઈ. પણ પ્રીતિએ એની સમયસૂચકતાથી અને ધીરજથી બધું જ સંભાળી લીધું.''

સોનાની આંખો થોડી ભીંજાઈ ગઈ, ''આ ઘટનાએ મારા હૃદય પર બહુ જ ઊંડી છાપ છોડી. તે દિવસે બ્યુટી ક્વીનનો ખિતાબ મારા ખોળામાં પડ્યો હતો. પણ એ ખિતાબે મને શાંત પાડવામાં કોઈ મદદ નહોતી કરી. તે વખતે મારી બ્યુટીએ નહીં પણ પ્રીતિના શબ્દોએ અમને આંચકામાંથી બહાર કાઢ્યા હતા. મારી મમ્મીએ મને ઘણી વાર કહ્યું હતું કે 'મુશ્કેલીના સમયમાં બાહ્ય સુંદરતા નહીં પણ આંતરિક ગુણો હેલ્પ કરે. સુંદરતા અલંકારોથી નહીં પણ ગુણોથી વધે.' તે દિવસે, મારી સિમ્પલ ફ્રેન્ડ પ્રીતિના ગુણોએ જ અમને ઠંડક આપી હતી, બ્યુટી ક્વીન બનવા માટે પહેરેલા મારા અલંકારોએ નહીં. ત્યારે મને સાચી સુંદરતાની ઓળખાણ પડી. એ સુંદરતા પામવાની રાહ પર ક્યારે મારો મેક-અપ અને બ્રાન્ડેડ કપડાં પહેરવાનો શોખ ખરી પડ્યો એની મને ખબર પણ ના પડી.''

સોનાના શબ્દો રૂપાને ખૂબ સ્પર્શી ગયા. એનાથી રહેવાયું નહીં અને એ મંચ પર જઈને, સોનાને ભેટી પડી. ફરી એકવાર, બધી જ છોકરીઓએ તાળીઓના ગડગડાટથી સોનાને વધાવી લીધી.


# હેલ્ધી એટીટ્યુડ


પાવને ફેસબુક પર પોતાની ગોવા ટ્રીપનું ફોટો આલ્બમ ખોલ્યું. ચાર ફોટોસ જોયા અને આંખોમાંથી ટપ ટપ આંસુ ટપકવા લાગ્યા.
દીકરા, ફરી ફોટોસ જોવા લાગ્યો ? મૂકી દે ફોનને બાજુમાં અને આ જ્યુસ પી લે.
ત્યાં તો બારણા પર ટકોરા પડ્યા.
મે આઈ કમ ઈન ?
પ્લીઝ કમ.
હાઉ ઈસ માય ડીઅર હેન્ડસમ બોય ડુઈંગ ? ચાલ, આપણે થોડું ચેક-અપ કરી લઈશું ?


"હેન્ડસમ" શબ્દ સાંભળીને પાવનના દિલમાં તીરાડ પડી. પોતાની જાતને 'મોસ્ટ હેન્ડસમ' માનતો પાવન, આજે હોસ્પિટલના બેડમાં, માંદગીથી પોતાનું બદલાયેલું રૂપ જોઈને પીડાઈ રહ્યો હતો.
ત્યાં તો બાજુની રૂમમાંથી ખડખડાટ હાસ્યનો અવાજ આવ્યો,
બાજુની રૂમમાં કોઈ બહુ રમૂજી બાળકો લાગે છે. અવારનવાર હસવાના અવાજો આવે છે.
હા, હાસ્ય કલાકાર આરુષ જોશીનો રૂમ છે ! આરુષ હોસ્પિટલમાં બધાનો જ ફેવરીટ છે.
આરુષની કંપનીમાં હોસ્પિટલના બાળકોનું દુઃખ વીસરાઈ જાય છે. અરે, બાળકોનો જ નહીં, આરુષ તો નર્સીસ, ડોક્ટર્સ અને બીજા પેશન્ટ્સનો પણ વહાલો છે.
પાવન, તું મળીશ આરુષને ? ચાલ, હું તને એની પાસે લઈ જાઉં.



આરુષ, મીટ યોર ન્યુ ફ્રેન્ડ, પાવન.
એકબીજાની ઓળખાણ કરાવી નર્સ ત્યાંથી ચાલી ગઈ.
આરુષના ફની જોક્સ અને મીઠી વાતો સાંભળી, બે ઘડી માટે પાવન પોતાનું દુ:ખ ભૂલી ગયો. પણ, અચાનક મિરરમાં નજર પડતાં, પોતાનો શુષ્ક ચહેરો જોઈને, એ ફરીથી દુ:ખી થઈ ગયો.
આરુષ, તું આટલો સ્માઈલિંગ કેવી રીતે રહી શકે છે ?
પહેલાં એ અઘરું હતું. એક્સીડંટ પહેલાં હું બહુ જ જુદો હતો. પણ, એક્સીડંટે મારી દ્રષ્ટિ બદલી નાખી.
મને મારા ગુડ લુક્સનું ભારે ઘમંડ હતું. અહંકાર એવો હતો કે હાલતા ચાલતા લોકોનું અપમાન કરી દઉં અને મને ભાન પણ ના પડે.



એક્સીડંટે મારા હાડકાના એવા ભૂકેભૂકા કર્યા કે હાલવું, ચાલવું અને બોલવું મારા માટે અશક્ય બની ગયું. હાડકાઓના ભુકેભૂકા સાથે સાથે મારા અહંકારના પણ ભૂકેભૂકા થઈ ગયા.
પાવનના મોઢાની રેખાઓ બદલાઈ. માંદગી પછી એના પણ એવા જ હાલ હતા.
મહિનાઓ પછી જ્યારે મારાથી પહેલો શબ્દ બોલાયો, ત્યારે લાગ્યું કે જાણે ઓલમ્પિકનું મેડલ જીત્યું હોય ! તે દિવસે નક્કી કર્યું કે શબ્દ એવા બોલીશ કે બીજાને ઘા ના વાગે.
ત્યાં તો નર્સે રૂમમાં ડોકિયું કર્યું.
બોયસ, તમને કંઈ જોઈએ છે ?
ના, આંટી. વી આર ફાઈન.
ખબર છે પાવન, પહેલા મને કોઈની લાગણી સમજાતી જ નહોતી. બસ, વટ મારવા સિવાય બીજું કંઈ આવડતું જ નહોતું.



અહીંયા, નર્સ આંટીઓનો હેલ્પીંગ અને કેરીંગ નેચર મને બહુ જ ટચ કરી ગયો. એમને જોઈને મને સમજાયું કે ગુડ લુક્સ નહીં, પણ પ્રેમ જ બીજાને અને પોતાને આનંદ આપે છે.
દોસ્ત, એક વાત તો નક્કી છે. એક્સીડંટથી મારું શરીર પહેલાં કરતાં નબળું છે. પણ, મારો એટીટ્યુડ પહેલાં કરતાં અનેક ગણો હેલ્ધી છે.
ત્યાં તો એક નાનકડો બાળક આરુષની રૂમમાં આવ્યો
આરુષભાઈ એક સ્ટોરી કહેશો ?
શ્યોર માય ફ્રેન્ડ ! પ્રિન્સની સ્ટોરી સાંભળીશ ?
નાનકડા બાળકના ચહેરા પર અનેરી ચમક જોઈને, પાવનને આરુષના શબ્દો સમજાયા...
પ્રેમ જ બીજાને અને પોતાને આનંદ આપે છે. 'ગુડ લુક' નહીં.



# ચાલો રમીએ...

**૧. મિત્રો, નીચેનાં બે ચિત્રોમાંથી ખાનામાં આપેલાં શબ્દો મુજબ ૫ તફાવત શોધો અને કયા ચિત્રની બ્યુટી વધારે છે તે નક્કી કરો.**

૧.




૨.




| | |
|---|---|
| ઉદાહરણ રંગ: ગોરો છે. | શ્યામ છે. |
| ચામડી: | |
| હાસ્ય: | |
| આંખો: | |
| ઓરા: | |
| આજુબાજુના ચહેરા: | |

**મિત્રો, આમ આપણી આંતરિક શક્તિઓ અને આંતરિક સૌંદર્ય આપણને જીવનમાં ઊંચે લઈ જશે, આપણો બાહ્ય દેખાવ નહીં.**



બાળમિત્રો, તમે દાદાશ્રીની જન્મજયંતિ ઉજવવા માટે રાજકોટમાં આવ્યા હતા ?

એક અદભુત અનુભવ હતો ને? જાણે કે આપણે એક અલગ જ દુનિયામાં આવી ગયા હતા.


તો બાળમિત્રો આપણે હવે જેની રાહ જોઈ રહ્યા છીએ, એવી ભવ્યાતિભવ્ય દાદાની જન્મ જયંતિ

**JJ 111...!**

ખાસ મહાત્માઓ દ્વારા...
મહાત્માઓ માટે...
હમમમ.... જેમ જેમ જન્મજયંતિ નજીક આવે તેમ તેના **updates** લેવાનું ચૂકશો નહીં હોં.....ને?

**૨.** આપેલા ચિત્રમાંથી બે દિવાસળીને હલાવીને નવેમ્બર મહિનાની દાદાશ્રીના જન્મજંયતિની તારીખ મેળવો.








# ઐતિહાસિક ગૌરવગાથા

પાંચાલ દેશના કંપિલપુર નગરમાં જય નામે રાજા રાજ્ય કરતો હતો. રાજા ખૂબ જ ધર્મિષ્ટ હતો.

એકવાર રાજા સભા ભરીને બેઠો હતો. તેવામાં એક પરદેશી ચારણ રાજસભામાં આવ્યો અને મહારાજાના ગુણોની પ્રશંસા કરવા લાગ્યો. આ સાંભળી રાજા બોલ્યા, "બારોટજી ! તમે કેટલાય રાજ્યોમાં ફરો છો, મારા રાજ્યમાં તમને કોઈ ઊણપ લાગી હોય તો જણાવો. ફક્ત ગુણગાન સાંભળવા મને પસંદ નથી."

બારોટે કહ્યું, "મહારાજ, આપના રાજ્યમાં બધું જ સુંદર છે. પણ એકેય ચિત્રશાળા નથી."

રાજાને બારોટનું સૂચન યોગ્ય લાગ્યું. તેણે કુશળ ચિત્રકારોને બોલાવ્યા અને સભાગૃહની બાજુમાં એક ચિત્રશાળા તૈયાર કરવા કહ્યું.

ચિત્રકારોએ આવીને કામ શરૂ કર્યું. પ્રથમ તો પાયો ખોદાયો. પાયો ખોદતાં, જમીનમાંથી એક રત્નજડિત મુગટ નીકળ્યો. કારીગરોએ તે મુગટ રાજાને આપ્યો.

દિવ્ય મુગટ જોઈને રાજા આનંદ પામ્યો. મુગટ પોતાને કેવો શોભે છે તે જોવા રાજાએ પોતાનું મુખ અરીસામાં જોયું. અરીસામાં તેને પોતાના બે મુખ દેખાયા. તે ઉપરથી તેનું નામ 'દ્વિમુખ' તરીકે પ્રસિદ્ધ થયું.

ચિત્રકારોએ ચિત્રશાળા તૈયાર કરી. ચિત્રશાળાના ઉદ્‌ઘાટન માટે, તે મકાનની વચ્ચે એક સુશોભિત સ્તંભ ઊભો કર્યો હતો. સ્તંભને વસ્ત્રો અને અલંકારોથી શણગારી, ભવ્ય અને આકર્ષક બનાવ્યો હતો. રાજા ઉદ્‌ઘાટન કરવા આવ્યા. ચિત્રશાળાની નમૂનેદાર કારીગરી જોઈ રાજા ખૂબ રાજી થયા.



બારોટજીને હર્ષપૂર્વક પૂછ્યું, "કેમ બારોટજી !

હવે આ ચિત્રશાળા મારા રાજ્યને શોભે તેવી છે ને ?"

બારોટજીએ કહ્યું, "હા મહારાજ. આવી ચિત્રશાળા મેં ક્યાંય જોઈ નથી."

થોડા દિવસો બાદ ઉદ્‌ઘાટન માટે ઊભા કરેલા સ્તંભને ઉખાડી લેવામાં આવ્યો. તેના ઉપરથી વસ્ત્રાલંકાર ઉતારી લઈને તે સ્તંભને ચિત્રશાળાના એક ખૂણામાં આડો ફેંકી દેવામાં આવ્યો. વખત જતાં તે સ્તંભ પર ધૂળ વગેરે જમા થયું. પરિણામે તે સ્તંભ તદ્દન બેડોળ લાકડાના ઠૂંઠા જેવો બની ગયો.

એક દિવસ રાજા ચિત્રશાળાની મુલાકાતે આવ્યા. ત્યાં તેમણે લાકડાનું ઠૂંઠું જોયું.

"આ લાકડાનું ઠૂંઠું અહીં કેમ મૂક્યું છે ?" રાજાએ એક દરવાનને પૂછ્યું.

"મહારાજ, આપે આ ચિત્રશાળાનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે જે સ્તંભ ઊભો કરેલો તે સ્તંભ ઉતારીને અહીં મૂક્યો છે." દરવાને જવાબ આપ્યો.

રાજાને ખૂબ આશ્ચર્ય થયું. એને વિચાર આવ્યો, "પેલા ભવ્ય અને સુંદર સ્તંભની આવી દશા થઈ ગઈ ! શું એ સ્તંભ વસ્ત્ર અને અલંકારોથી જ સુંદર લાગતો હતો ?"

રાજા વિચારોમાં ઊંડે ને ઊંડે ઉતરતો ગયો, "મારું રૂપ પણ આ વસ્ત્રો અને અલંકારોના આધારે જ છે ને ? પણ એ કાયમી ક્યાં છે ? મારું શરીર પણ એક દિવસ આ સ્તંભ જેવી જ દશા પામશે ને. આ ચામડી એક દિવસ કથળી જશે. અત્યારે સુશોભિત દેખાતા મારા આ શરીરની પણ આખરે આ લાકડાના ઠૂંઠા જેવી દુર્દશા થવાની જ ને ? તો પછી આજે જ, અરે ! અત્યારે જ, આ શરીર પરથી મમતા કેમ ન ઉતારી લઉં ? કાળનો ક્યાં ભરોસો છે ? ખરેખર, આ વસ્ત્રો, અલંકારો અને શણગારોના મોહમાં અંધ બની મેં આત્મકલ્યાણ સાધ્યું નહીં."

અને તે જ વખતે, બધું જ ત્યાગ કરી, રાજા પોતાનું આત્મ-કલ્યાણ સાધવા નીકળી પડ્યા.

**કઠોર તપશ્ચર્યા બાદ એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અંતે રાજા દ્વિમુખ મોક્ષપદને પામ્યા.**



# જીવંત ઉદાહરણ



રોકી ડેનીસનો જન્મ અમેરિકાના કેલીફોર્નિયા રાજ્યમાં થયો હતો. બે વર્ષની ઉંમરે રોકીને સી.ડી.ડી. નામની એક બીમારીનું નિદાન થયું. આ જૂજ બીમારી, લગભગ ૨૨૦ મિલિયનમાં એક ને થાય. આ બીમારીમાં વ્યક્તિના ચહેરાનો આકાર વિચિત્ર પ્રમાણમાં વધતો જાય અને ધીમે ધીમે એ બિહામણો બનતો જાય. ડોક્ટરોએ નિદાન કર્યું કે રોકી જ્યારે સાત વર્ષનો થશે ત્યારે એનું મૃત્યુ થશે ત્યાં સુધી એ આંધળો અને મંદબુદ્ધિનો બની જશે.

રોકીની મધરને ડોક્ટરોનું આ નિદાન કબૂલ નહોતું. ડૉક્ટરોના કહેવા પ્રમાણે જે અશક્ય હતું, તે રોકીની મધરને શક્ય બનાવવું હતું.

ખૂબ પ્રયત્નો બાદ, રોકીને એક નોર્મલ સ્કૂલમાં એડમિશન મળ્યું. શરૂઆતમાં બીજા બાળકો રોકીના બાહ્ય દેખાવના કારણે એની બહુ જ મજાક ઉડાવતા. એને જાત જાતના નામથી ચીઢવતા. પણ, રોકીએ પોતાના બાહ્ય દેખાવની હકીકત સ્વીકારી લીધી હતી. આવી કપરી પરિસ્થિતિમાં પણ તે ખુશ રહેવાનું શીખી ગયો હતો.

ધીમે ધીમે, રોકીના સુંદર વલણે બાળકોનું દિલ જીતી લીધું. સમય જતાં બાળકોની દ્રષ્ટિ એના બાહ્ય દેખાવ પર નહીં, પણ એના આંતરિક ગુણો પર પડવા લાગી. રોકીના આંતરિક ગુણો, એનો રમૂજી વ્યવહાર અને એની નટખટતાએ સહુના દિલ જીતી લીધા. હાઈસ્કૂલમાં રોકીને "બેસ્ટ બડી", "મોસ્ટ ગુડ નેચર્ડ" અને "ફ્રેન્ડલીએસ્ટ કેમ્પર" ના ઈનામો મળ્યા.

સોળ વર્ષની ઉંમરે રોકીનું મૃત્યુ થયું. જ્યારે આ સમાચાર સ્કૂલમાં પહોંચ્યા, ત્યારે આખી સ્કૂલ ગમગીન બની ગઈ. સ્કૂલના એક ટીચરે કહ્યું, "તે દિવસે એવું લાગ્યું કે રોકીની ગેરહાજરીમાં જાણે હવે દુનિયા એટલી સુંદર નહીં રહે. રોકીની હાજરીનો એક અસાધારણ પ્રભાવ હતો."

**અને આમ, રોકી ડેનીસ પોતાની આંતરિક સુંદરતાની છાપ દુનિયા પર છોડી ગયો.**

# મીઠી યાદેં

નીરુમાની સેવામાં એક બ્રહ્મચારી બહેન સીવણ એમ્બ્રોઈડરીના ક્લાસ ભરતા હતા. બપોરનો સમય હતો. તેઓ જમવા બેઠા હતા. જમ્યા પછી તરત જ એમને ક્લાસમાં જવાનું હતું. સમયની કટોકટી હતી એટલે તેઓ ફટાફટ જમી રહ્યા હતા. તે જ વખતે નીરુમા ત્યાં આવ્યા.

બહેન ઊઠવા ગયા પણ નીરુમાએ એમને નિરાંતે જમી લેવા કહ્યું. એ બહેને તો રોટલીના ત્રણ-ચાર ટુકડા કરી, જમી લેવાની તૈયારી કરી હતી. પણ, નીરુમાએ બેસીને એમની બે રોટલીઓના પચાસ ટુકડા કર્યાં. ટુકડા બહેનની થાળીમાં મૂક્યા અને કહ્યું, "હવે, શાંતિથી ચાવીને ખા. કંઈ બગડી નથી જવાનું."

બહેને કહ્યું, "નીરુમા, ક્લાસમાં પ્રાર્થના પતી જાય પછી પહોંચું છું, તો મેડમ વઢે છે." એ બહેનને અંદર બહુ જ રઘવાટ હતો. ક્લાસ પર ચાલીને પહોંચતા એમને પંદર મિનિટ લાગે.

નીરુમાએ બહેનને ખાતરીપૂર્વક કહ્યું, "તું નિરાંતે જમી લે. કોઈ નહીં વઢે," અને પછી પ્રેમથી સમજાવ્યું, "તું નેગેટીવ શું કરવા નાંખે છે કે તને કોઈ બોલશે ? તારા આ નેગેટીવ સ્પંદનથી નેગેટીવ રીઝલ્ટ આવે. તું શું કામ સ્પંદન નાખે છે ?" અને પછી પાછું ઉમેર્યું, "તું આમ રઘવાટ કરીને જમે અને ભૂખી રહે, તો અમને ના ગમે."

ખરેખર, તે દિવસે એ બહેનને ક્લાસમાં પહોંચતા મોડું થયું. પણ કોઈ એમને કશું જ બોલ્યું નહીં.

સાંજે, નીરુમાએ એ બહેનને પૂછ્યું, "આજે, કોઈએ તને કંઈ ઠપકો આપ્યો ?"

"ના નીરુમા. હું મોડી પહોંચી, પણ કોઈ કશું બોલ્યું નહીં," બહેને કહ્યું.

નીરુમાએ એ બહેનને જ્ઞાનની સમજ આપી, "આ તારી બિલિફો કે કોઈ વઢશે, બોલશે, મોડું થશે, એ જ તને બીવડાવે છે. કોઈ બાપોય વઢવાનો નથી."

અને એ દહાડાથી, નીરુમાના આવા વચનબળવાળા શબ્દોથી એ બહેનનો ભય નીકળી ગયો.

આમ નીરુમા એમના આશ્રિતોનું બધું જ સાચવી લેતા. ભોજનની સાથે સાથે, જ્ઞાનની સમજ પણ પીરસી દેતા.



# હરિદ્વારમાં પૂજ્યશ્રીની નિશ્રામાં પૂજ્ય નીરુમાનાં જન્મદિવસની ઉજવણી













# વિવિધ સેન્ટરમાં પૂજ્ય નીરુમાનાં જન્મદિવસની ઉજવણી


















## પઝલના જવાબ



Akram Express

**January 2018**
**Year : 10, Issue : 5**
**Conti. Issue No.: 113**

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

# અને છેલ્લે છેલ્લે



એક ફેરિયો હતો. રોજ સાંજે એક ગાર્ડનમાં આવી, એ હિલીયમ ગૅસથી ભરેલા રંગબેરંગી ફુગ્ગા વેચતો. બાળકોને એ ખૂબ પ્રિય હતો. કોઈની પાસે ના મળે એવા અવનવા રંગબેરંગી ફુગ્ગા એની પાસે મળતાં. ફુગ્ગાઓના ભાવ પણ અન્ય કરતાં ઘણા ઓછા હતા.

એક સાંજે, ફુગ્ગાઓમાં ગેસ ભરી એ વેચાણ માટે તૈયારી કરી રહ્યો હતો. છ-સાત વર્ષનો એક બાળક ફેરિયાને નિહાળી રહ્યો હતો. ફેરિયાએ એક વિચિત્ર કાબરચીતરા રંગના ફુગ્ગામાં ગૅસ ભર્યો. બાળકને કંઈક મૂંઝવણ થઈ. એ ફેરિયા પાસે ગયો અને પૂછ્યું, "અંકલ, તમે આ બલૂનમાં શું કામ ગૅસ ભરી રહ્યા છો ? આ તો કેવો કદરૂપો છે."

ફેરિયાએ હસીને જવાબ આપ્યો, "ઊભો રહે, જો તને કશુંક બતાવું." એ ફુગ્ગામાં સરખો ગેસ ભરીને ફેરિયાએ એને આકાશમાં છોડ્યો. ફુગ્ગો ખૂબ ઊંચે ગયો. બાળક આકાશ તરફ જોતો રહી ગયો.

ફેરિયાએ બાળકને કહ્યું, "દીકરા, ફુગ્ગાની અંદર શું ભર્યું છે તે ફુગ્ગાની ઊંચાઈ નક્કી કરે છે, ફુગ્ગાનો દેખાવ નહીં."

મિત્રો, આમ આપણી આંતરિક શક્તિઓ અને આંતરિક સૌંદર્ય આપણને જીવનમાં ઊંચે લઈ જશે, આપણો બાહ્ય દેખાવ નહીં.

<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં# હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.